# મધર ડેરીના કર્મચારીનો અકસ્માત, મર્ડર કેસમાં ફેરવાયો

## મૃતક કર્મચારીએ આરોપીને અગાઉ દુધ ચોરીમાં પકડ્યો હતો

ગાંધીનગર-ઈન્દીરાબ્રિજ માર્ગ પર એપોલો સર્કલ પાસે તાજેતરમાં મધર ડેરી ખાતે ફરજ બજાવતા કર્મચારીને અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલકનું મૃત્યું નિપજયુ હતુ. ત્યારે પોલીસ તપાસમાં આ બનાવમાં નવો વળાંક આવતા આ કેસ મર્ડરમાં ફેરવાઈ ગયો છે. શહેરના સેકટર-૨૯ પ્લોટ નં.૨૮૨ ખાતે રહેતા મૃતક દિપકભાઈ છબાભાઈ પટેલ ૨૪ માર્ચના રોજ મધર ડેરી ખાતે ફરજ બજાવીને ઘર તરફ પરત ફરી રહ્યા હતા. તે સમયે તેઓને એપોલો સર્કલ પાસે વહેલી સવારે પાંચ વાગ્યાના અરસામાં અકસ્માતમાં તેમનું મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે ફરીયાદ નોંધાવતા ઈન્ફોસીટી પીઆઈ એસ.જે.રાજપૂતે ટીમ સાથે મળી કેસની બારીકાઈથી તપાસ શરુ કરી હતી. મૃતકને ડેરીમાં દુધના વાહન ફેરવતા ટ્રાન્સપોર્ટ માલિક સાથે માથાકુટ ચાલતી હોવાનું ધ્યાને આવ્યું હતું. જેને પગલે પોલીસે આગળ તપાસ કરતા જીસાન ટ્રાન્સપોર્ટના માલિક મહમંદ આશીફ અબ્દુલગની મેમણ (રહે. બી.૨૦૨, ફાયર સ્ટેશન ગોમતીપુર અમદાવાદ)ની ધરપકડ કરી છે. આરોપીએ આઈશરથી મૃતકના બાઈકને ટક્કર મારીને તેમના પર ગાડી ચઢાવી દીધી હતી. જો કે મર્ડર કેસને અકસ્માતમાં ખપાવી દેવાના આરોપીના પ્રયત્નને પોલીસે નિષ્ફળ બનાવી દીધો હતો.

પોલીસે તપાસ દરમિયાન માર્ગ પરના સીસીટીવી ફુટેજ ચેક કરતા મૃતકના બાઈકને ટક્કર મારનાર અજાણ્યુ વાહન આઈશર હોવાનું ધ્યાને આવ્યું હતું. જો કે તેના પર નંબર ન હતો. બીજી તરફ પોલીસને જાણવા મળ્યુ હતુ કે આરોપી અને મૃતક વચ્ચે માથાકુટ ચાલી રહી હતી. મૃતક ત્રણ માસ પહેલા આરોપીની જી.જે.૦૧. ડી.ટી.-૯૪૨૨ નંબરની આઈશરને દુધ ચોરીમાં પકડી હતી. ગત તા. ૨૩ માર્ચના રોજ આરોપી મધર ડેરી ખાતે આઈશર ગાડી બગડતા ફોરમેન લઈને આવ્યો હતો. આ સમયે મૃતક દિપકભાઈએ તેને જોઈ જતા તેને બહાર કાઢી મુક્યો હતો. જેથી હત્યાનું કારણ અને વાહન બંને સામે આવતા પોલીસ આરોપી સુધી પહોંચી શકી હતી. ગત ૨૩ માર્ચની માથાકુટને બાદ તા.૨૪ મી એ વહેલી સવારે મૃતક નોકરી કરી ઘરે ગાંધીનગર આવવા માટે નીકળ્યા હતા. આ સમયે આરોપીએ પોતાના આઈશરના નંબર અને ટાન્સપોર્ટના નામ પર કાગળ ચોટાડીને બાઈકને ટક્કર મારી હતી. જેથી કરીનેકોઈ તેના સુધી પહોંચી ન શકે. પરંતુ પોલીસે આરોપીને પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં જાહેરમાં થુંકીને ગંદકી કરનારા ૧૦૪ લોકો પાસેથી રૂ. ૫૨ હજારનો દંડ વસુલવામાં આવ્ય છે.
- ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯ની ટ્રીટમેન્ટ માટે ૮ હોસ્પિટલોને મંજૂરી આપવામાં આવી છે.
- શનિ-રવિની રજા દરમ્યાન પણ કલેક્ટર કચેરી ચાલુ રાખવામાં આવશે.
- ગાંધીનગર શહેરમાં લોકડાઉનનું આજે પણ અસરકારક અમલીકરણ થયુ હતુ.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલા શંકાસ્પદ દર્દીઓમાંથી હજુ બે ના રિપોર્ટ આવવાના બાકી છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે વેડાના ફાર્માસીસ્ટ અશોક પટેલના તબીબી અધિકારી પણ મોડી સાંજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા છે.



સચિવાલયની મોટાભાગની ઓફિસો બંધ થતાં આખો દિવસ ધમધમતું રહેતું પોઈન્ટનું બસ સ્ટેન્ડ પાસેનું શાક માર્કેટ સુનું પડી ગયું છે. બસ સ્ટેન્ડમાં કર્મચારીઓની અવરજવર સાવ ઓછી થઈ ગઈ છે. જો કે લોકડાઉન બાદ અહીંનું શાકમાર્કેટ ચાલુ છે. લારીઓની સંખ્યા ચોકકસ ઓછી થઈ ગઈ છે પરંતુ હજુ અહીં શાક અને કરીયાણું ખરીદવા ઘણા લોકો આવે છે.

## જિલ્લામાં ૧૮ સ્થળો પર ૧૧૧૫ ક્વોરનટાઈન ફેસીલીટી ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૨૭

નોવેલ કોરોના વાયરસને નાથવા માટે ગાંધીનગર જિલ્લાતંત્ર દ્વારા આરોગ્યલક્ષી સેવાને વધુ અસરકારક બનાવવા માટે સુચારું વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. હાલમાં ગાંધીનગર જિલ્લામાં ખાનગી અને સરકારી હોસ્પિટલમાં આઈસોલેશન વાર્ડની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ક્રિટીકલ અને નોન ક્રિટીકલ મળી કુલ બેડ ૨,૬૩૩ છે તથા આઈસોલેશન બેડ - ૩૬૧, એડલ્ટ વેન્ટિલેટર - ૫૮ અને પીડિયા વેન્ટિલેટર ૧૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મુનભાઈ સોંલકીના જણાવ્યા અનુસાર ગાંધીનગર જિલ્લામાં સરકારી અને ખાનગી ક્ષેત્ર મળીને સરકારી ક્રિટીકલ બેડ ૮૦૦, અને નોન ક્રિટીકલ બેડ ૨૯૦ તેમજ ખાનગીક્ષેત્રે ક્રિટીકલ બેડ ૧૧૦૩ અને નોન ક્રિટીકલ બેડ ૪૪૦ મળી કુલ - ૨૬૩૩ બેડની વ્યવસ્થા છે. તે ઉપરાંત આઈસોલેશન બેડમાં સરકારી ક્રિટીકલ અને નોનક્રિટીકલ મળીને ૧૬૫ બેડ તથા ખાનગીક્ષેત્રમાં ક્રિટીકલ અને નોન ક્રિટીકલ મળીને ૧૯૬ બેડની સુવિધા છે. કોરોના વાયરસને ધ્યાનમાં રાખીને જિલ્લામાં કુલ - ૧૮ સ્થળો પર હાલ કવોરેન્ટાઈન ફેસીલીટી ઉભી કરવામાં આવી છે. જેમાં પ્રેક્ષાભારતી કોબા ખાતે ૧૬૦, યુથ હોસ્ટેલ, સેકટર-૧૬ ખાતે ૩૦, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ૧૫, કન્યા વિનય મંદિર સંસ્કાર તિર્થ, આજોલ ખાતે ૨૫૦, શાંતિ નિકેતન કોલેજ, પડુસ્મા ખાતે ૨૬, ગ્રામભારતીની કસ્તુરબા છાત્રાલય ખાતે ૩૬, ગાંધી છાત્રાલય ખાતે ૩૯, કુમાર છાત્રાલય ખાતે ૩૯, માણસાની હોટલ રાજવી ખાતે ૧૨, હોટલ વેલકમ ખાતે ૮, હોટલ રાજમહેલ ખાતે ૮, કલોલના ગ્રામ સેવા મંદિર, ભગીની છાત્રાલય ખાતે ૧૦૦, શ્રી સ્વામિનારાયણ હોલ કોલેજ, સઈજ ખાતે ૨૫, ઉમિયા છાત્રાલય ખાતે ૪૦, લિમ્બચ છાત્રાલય ખાતે ૩૦, વર્ધમાન જૈન વાડી ખાતે ૧૦૦, અંબાજી માતાની વાડી ખાતે ૧૦૦ અને કે.આઈ.આર.સી. કોલેજ છાત્રાલય ખાતે ૧૦૦ મળી કુલ - ૧૧૧૫ કવોરનટાઈન ફેસીલીટી ઉભી કરવામાં આવી છે.

૨૭મી માર્ચના રોજ ગાંધીનગર જિલ્લામાં કોમ્યુનીટી સર્વેના ચોથા રાઉન્ડનો આજથી આરંભ કરવામાં આવ્યો છે. ચોથા રાઉન્ડના સર્વેના પ્રથમ દિવસે ચાર તાલુકાના કુલ - ૧૦૫ ગામોમાં કામગીરી કરવામાં આવી છે. જેમાં ૮૯,૨૯૩ કુટુંબો અને ૪,૨૮,૨૯૦ વ્યક્તિઓનો સર્વે કરવામાં આવ્યો છે. જેમાં ૫૫૨ બીમાર વ્યક્તિ હોવાનું માલૂમ પડયું હતું. તેની સાથે અત્યાર સુધીમાં ૪૧,૪૩૪ લોકોને આયુર્વેદિક ઉકાળાનુ તથા ૨૦,૩૧૭ ને હોમિયોપેથિક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. તે ઉપરાંત જિલ્લામાં ૭૦૩ મુસાફરો આવ્યા હતા. જેમાં ૨૭૩ મુસાફરો ૧૪ દિવસના ઓબ્જર્વેશન પીરિયડ પૂર્ણ કર્યો છે. ૨૪૪ મુસાફરો ૧૪ દિવસના ઓબ્જર્વેશન પીરિયડમાં રાખવામાં આવ્યા છે.

## મોટી શિહોલી ખાતે દુકાન ખુલ્લી રાખવા અંગે જાહેરનામા ભંગનો ગુનો

કોરોના વાયરસે વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. ત્યારે કોરોના ના ભયને પગલે ભારતમાં ૨૧ દિવસનું લોકડાઉનનો આદેશ કરાયો છે. તેમ છતા કેટલાક નાગરીકો આ બાબતને ગંભીર લઈ રહ્યા નથી. ચિલોડા પોલીસનો સ્ટાફના કર્મચારીઓ શિહોલી ગામ તરફ જઈ રહ્યા હતા તે સમયે આલમપુર માર્ગ પર પહોંચ્યો તે સમયે નેશ્રી નોવેલ્ટી સ્ટોર્સ, ગીફટ આર્ટીકલ એન્ડ બ્યુટી પાર્લર નામની દુકાન ચાલુ હતી. પોલીસે દુકાનમાં જઈને તપાસ કરતા જીવન જરુરીયાતની કોઈપણ ચીજવસ્તુઓ ન હતી. જયારે દુકાનમાં રહેલા શખ્સનું નામ પુછતા તેમણે મોટી શિહોલી ગામના પ્રજાપતિ વાસમાં રહેતા પ્રવિણભાઈ શિવાભાઈ પ્રજાપતિ હોવાનું જણાવ્યું હતું.

## બાર એસોસિએશન જરૂરિયાતમંદ વકીલોને કરિયાણાની કીટનુ વિતરણ કરશે

ગાંધીનગર તા ૨૭

કોરોનાની મહામારી વચ્ચે સતત ખડેપગે ફરજ બજાવતા પોલીસ જવાનો, ડોકટરો, નર્સ,સફાઈ કર્ચમારીઓ અને મીડીયાની સેવાને સમાજે બિરદાવી છે. જયારે પોલીસ કર્મચારીઓને પણ સેવાભાવી સંસ્થાઓ અને નાગરિકો જરૂરી સેવા પુરી પાડવા માટે તત્પર છે. આવા સંજોગોમાં ગાંધીનગર બાર એસોસિએશન પણ બારના આજીવન સભ્યો સહીત જરૂરિયાત મંદ વકીલોના પરિવારજનો સાથે હોવાની લાગણી વ્યકત કરી છે. ગાંધીનગર બાર એસોસિએશનને આ સ્થિતિને ધ્યાને લઈ જરૂરિયાત મંદ વકીલોને કરિયાણાની એક મહીના ચાલે તેવી કીટ પહોંચતી કરવા માટે પણ આયોજન કર્યુ છે.

કોરોના વાયરસના લીધે દેશભરમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે કોર્ટ કાર્યવાહીમાં પણ માત્ર ઈમરજન્સી કેસ સિવાયની કામગીરી બંધ છે. ત્યારે લોકડાઉનની આ સ્થિતિ વચ્ચે બાર એસોસિએશનને પોતાના આજીવન સભ્યો જરૂરિયાત મંદ વકીલો માટે વિશેષ ચિંતા કરી ખાસ આયોજન કરાયુ છે. બાર એસોસિએશન દ્વારા આવા જરૂરિયાત મંદ વકીલોના પરિવારજનો માટે એક મહીનાની કીટ કરિયાણુ આપવામાં આવ્યુ છે. જયારે આ પ્રકારની કીટ મેળવવા માટે બાર એસોસિએશનના લાલસિંહ ગોહીલ, એચ કે ચૌધરી, મુકેશ પ્રજાપતિનો ફોન પર સંપર્ક કરવા પણ વકીલોને જણાંવાયુ છે. આ અંગે બાર એસોસિએશનના પ્રમુખ લાલસિંહ ગોહીલે જણાંવ્યા મુજબ આ મુશ્કેલ સમયમાં ગાંધીનગર બાર એસોસિએશન પોતાના વકીલો અને તેમના પરિવારોની સાથે છે. જયારે કીટ લેનાર જરૂરિયાતમંદ વકીલોનુ નામ પણ ગુપ્ત રાખવામાં આવશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

## જિલ્લાના શ્રમિકો માટે રહેવા, જમવા અને સુવિધાઓ સાથેના ત્રણ કેમ્પ આરંભાયા

ગાંધીનગર, તા. ૨૭

નોવેલ કોરોના વાયરસના કારણે સમગ્ર દેશને લોકડાઉન કરી દેવાના કારણે શ્રમિકો એક સ્થળે થી બીજા સ્થળે ન જાય તે માટેની સુચારું વ્યવસ્થા ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી છે.

વધુમાં જણાવ્યું છે કે શ્રમિકોના રોકણની જગ્યાઓ પર ભોજન, સુવાની પથારી, પીવાના પાણી, શૌચાલય અને સફાઈ સાથે સાથે મેડિકલ સુવિધા મળી રહે તે માટે જિલ્લાના ત્રણ અધિકારીઓને આ અંગે જુદા જુદા સ્થળોની જવાબદારી સોપવામાં આવી છે. જેમાં શાંતિનિકેતન ખાતે આઈ.ટી.આઈ. દહેગામના આચાર્ય જે.એમ. ત્રિવેદીને, ઓમ એજ્યુકેશન કેમ્પસ ખાતે શ્રમ અધિકારી એ.એમ. મોદી અને કડી સર્વ વિધાલય ખાતે જિલ્લા ખેતીવાડી અધિકારી ડી.પી. જાદવને આ તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવાની જવાબાદારી સોંપવામાં આવી છે. આ કામગીરી માટે તેઓ પોતાની કચેરીના સ્ટાફનો ઉપયોગ કરી શકશે. તેમના સ્વાસ્થ્યની સુવિધાઓ માટે માસ્ક, સેનીટેશન જેવી બાબતોની કાળજી પણ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી છે.

## કોંગ્રેસના કોર્પોરેટરોએ પોલીસ સ્ટેશનમાં સેનેટાઈઝર માસ્કનુ વિતરણ કર્યુ

કોરાનાની મહામારી વચ્ચે પોતાના જીવના જોખમે ફરજ બજાવતા પોલીસ જવાનો નગરજનો ઘરમાં રહે તે માટે શહેરના વિવિધ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહયા છે. રાત દિવસ પોલીસ ઓન ડયુટી છે. ગાંધીનગરમાં પણ વિવિધ સેકટરોમા પોલીસ કર્મચારીઓ સતત પેટ્રોલીંગ કરતા નજરે પડે છે. શહેરમાં ફરજ બજાવતા આ પોલીસ કર્મચારીઓને સેનેટાઈઝર તેમજ માસ્કનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગરના ૧૦ જેટલા પોલીસ સ્ટેશનમાં રૂબરૂ પહોંચીને મહાનગરપાલિકાના વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા, તેમજ જિલ્લા કોંગ્રેસના મહામંત્રી રાકેશ જાનીએ સેનેટાઈઝર તેમજ વોશેબલ માસ્કનુ વિતરણ કર્યુ હતુ.

## ટીંટોડા ગામના શખ્સે ગ્રામજનોને ગેરમાર્ગે દોરતા જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૭

લોકડાઉનને અનુલક્ષી પેથાપુર પોલીસ મથકની ટીમ ટીટોડા ગામે પેટ્રોલીંગ દરમિયાન ગઈ હતી. તે સમયે ગામના બળીયાદેવના મંદિર પાસે ત્રણ વ્યકિત એકઠા થયા હતા. જેથી પોલીસે તેમને એકઠા થયા હોવાનું કારણ પુછ્યું હતું. જેથી હાજર થયેલા ગ્રામજનોએ જણાવ્યું હતું કે ગામના ભાલુજીના વાસમાં રહેતા વિનોદજી પુંજાજી ઠાકોરે ગામમાં ફરીને જાહેરાત કરી છે કે ગામના ભાઈ બહેનો એકઠા થઈ ને બળીયાદેવના મંદિરે પાણી ચઢાવશે તો હાલમાં ચાલી રહેલા કોરોના વાયરસનો કોઈ ડર રહેશે નહી. જેથી પોલીસે વિનોદજી ઠાકોરને બોલાવી અફવા ફેલાવવા અંગે પુછતાછ કરતા તેણે સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો.

લોકડાઉનના આદેશના પગલે આવશ્યક ચીજવસ્તુ સિવાય અન્ય પર પ્રતિબંધ મુકાયો છે અને અનિવાર્ય સંજોગો સિવાય બહાર ન નિકળવા જણાવાયુ છે. જયારે ખોટી અફવાઓ ન ફેલાવા અંગે કલેકટર દ્વારા જાહેરનામું બહાર પડાયું છે. એક તરફ કોરોનાના ભયના કારણે રાજય સહિત દેશના મોટામોટા મંદિરો બંધ રાખવામાં આવ્યા છે. ત્યારે ટીટોડા ગામના શખ્સે નાગરીકોને ગેરમાર્ગે દોરતા પોલીસે જાહેરનામા ભંગની ફરીયાદ નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.



શહેરોમાં ફેલાયેલા કોરોના કોવિડ-૧૯ના ચેપને અનુલક્ષીને ગ્રામ્ય વિસ્તારો સુરક્ષિત હોવાનું માનતા હજારો શ્રમજીવી પરિવારો લૉકડાઉનની સ્થિતિ જાહેર કરાયેલી હોવા છતાં વતનની વાટ પકડી રહ્યા છે. ચિલોડા સર્કલે આ શ્રમજીવી પરિવારો માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા ચા-નાસ્તા-પાણી તથા ફૂડપેકેટની વ્યવસ્થા કરવામાં આવી રહી છે તેમજ તંત્ર દ્વારા તેમને માદરે વતન જવા વાહન વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી રહી છે.

આપણે સુરક્ષિત તો રાષ્ટ્ર સુરક્ષિત
સત્યમેવ જયતે ગુજરાત સરકાર
કોરોના વાયરસને અટકાવવા

લોકડાઉનની સ્થિતિમાં
રાજ્ય સરકારના નાગરિકો માટે મહત્વના નિર્ણયો



અન્ય રાજ્યનાં શ્રમિકોએ ગુજરાત છોડીને જવાની જરૂર નથી : શ્રી વિજયભાઈ રૂપાણી

- સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી એક મહિના માટે ઓફ લાઈન પદ્ધતિએ રાશન-અનાજ અપાશે
- અન્ય રાજ્યોમાં લોકડાઉનની સ્થિતિમાં અટવાયેલા ગુજરાતી યાત્રિકો-મુસાફરો માટે જે તે રાજ્યમાં આવાસ-ભોજન વ્યવસ્થા ગુજરાતી સમાજ અને સ્થાનિક વહિવટકર્તાઓની મદદથી કરાશે, આ માટે હેલ્પલાઈન ૧૦૭૦નો સંપર્ક સાધવાથી મદદ-વ્યવસ્થા કરાશે
- ગુજરાતમાં વસતા અન્ય રાજ્યોના શ્રમિકો-કામદારોના રહેવા-જમવાની વ્યવસ્થા માટે જિલ્લાતંત્રની હેલ્પલાઈન ૧૦૭૭ કાર્યરત. સ્વૈચ્છિક સંગઠનોના સહયોગથી જિલ્લાતંત્ર મદદરૂપ થશે
- બિયારણ-ખાતર અને પેસ્ટીસાઈઝડ આવશ્યક ચીજવસ્તુઓ તરીકે જાહેર કરાઈ-જરૂરિયાત પ્રમાણે વિતરણ થઈ શકશે
- જીવન જરૂરિયાતની ચીજવસ્તુ વેચતા ફેરીયા-લારી-ગલ્લાવાળા, વેપારીઓને મામલતદાર કચેરી પાસ આપશે
- ઘર વીજ વપરાશકારો અને વેપારી એકમો માર્ચ અને એપ્રિલના વીજબીલો તા.૧૫મી મે સુધી ભરી શકશે
- નાના-મોટા ઉદ્યોગો વેપારી એકમોનો એપ્રિલના વીજબીલમાં ફીક્સ ચાર્જ નહીં લેવાય, માત્ર વપરાશનું જ બીલ આકારાશે

કોરોના વાયરસ કોવિડ-૧૯ સામે લડવા માટે મુખ્યમંત્રી રાહતનિધિમાં ઉદાર હાથે ફાળો આપીએ
આ ફાળો આવકવેરા કલમ ૮૦-જી હેઠળ કરમુક્તિને પાત્ર છે

લોકડાઉન દરમ્યાન નાગરિકોને હાડમારી સહન કરવી ન પડે તે માટે રાજ્ય સરકારે જડબેસલાક આયોજન કર્યું છે - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત